Club ID. 52203 Charter Date 02-06-1999 RI District 3060

UNITE FOR GOOD

RI District 3060 Rotary Surat East

Team Achievers

# ROTARY CLUB OF SURAT EAST

## MONTHLY BULLETIN - AUGUST 2025

AUGUST 2025

# Rotary Gatha

| RI PRESIDENT | DISTRICT GOVERNOR | PRESIDENT | SECRETARY | MONTH LEADER | BULLETIN CHAIR |
|---|---|---|---|---|---|
| RTN. FRANCESCO AREZZO | RTN. AMARDEEP SINGH BUNET | RTN. KIRIT VANKADI | RTN. HITESH VEKARIYA | RTN. BHARGAV KATHIRIYA | RTN. VIPUL PANSURIYA |

**PRESIDENT**



RTN. KIRIT VANKADI

**SECRETARY**



RTN. HITESH VEKARIYA

**MONTH LEADER**



RTN. BHARGAV KATHIRIYA

**BULLETIN CHAIR**



RTN. VIPUL PANSURIYA












01 પ્રેસીડેન્ટ સંદેશ
02 શિક્ષક દેવો ભવ:
03 વૃક્ષારોપણ
04 ઓરીએન્ટેશન
05 મુવી ડે
06 રક્ષાસુત્ર
07 સ્વાતંત્ર દિન
08 સંગીત સંધ્યા જન્માષ્ટમી
09 એક્સ્પો ટ્રેનિંગ
10 સ્ટેચ્યુ ઓફ યુનિટી
11 શ્રી ગણેશજીની આરતી
12 ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સ
13 IYE
14 બર્થ ડે સેલીબ્રેશન
15 મીડિયા નોટ
16 વેલ્યુએબલ સ્પોન્સર
17 ગેલેક્સી ઓફ પાસ્ટ પ્રેસિડેન્ટ
18 સેક્રેટરી અનાઉન્સમેન્ટ


RI District 3060
Rotary
Club Of Surat East

# 01 પ્રેસીડેન્ટ સંદેશ

નમસ્કાર રોટેરીયન મિત્રો, સૌ રોટેરીયન મેમ્બર્સ, બોર્ડ મેમ્બર્સના સહિયારા પ્રયાસોથી આપણે ઓગષ્ટ મહિનામાં ૧૦ જેટલા સફળ અને મેગા પ્રોજેક્ટસ કરી શક્યા છીએ. તે માટે આપ સૌ રોટેરીયન મિત્રોને અને વિશેષ મંથ લીડર રો. ભાર્ગવ કથીરીયાને ખુબ ખુબ અભિનંદન પાઠવુ છુ.




આપણી કલબ દ્વારા બે દિવસની પિકનીકમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેની ટુર માં સૌ રોટેરીયન અને રોટરેકટર મિત્રોએ સાથે મળીને પ્રકૃતિનો આનંદ માણ્યો તેમાં રોટેરીયન મિત્રો વચ્ચે એકતા અને પરિવાર ભાવ વધ્યો તે આપણા માટે મોટુ અચિવમેન્ટ છે. તેમજ જન્માષ્ટમી અને રક્ષાબંધનનો તહેવાર ધામધુમથી ઉજવીને આપણે આપણા સાંસ્કૃતિક વારસાને જાળવી રાખવાનો સુંદર પ્રયાસ કર્યો છે. આ માસમાં આપણે ૪ શિક્ષકોને સન્માનિત કરીને આપણી નવી પેઢીને તૈયાર કરનાર ગુરૂજનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી તે આપણા માટે ગૌરવની વાત છે. તે સિવાય આપણી કલબ દ્વારા આ માસમાં મુવી ડે, વૃક્ષારોપણ અને ઓરીએન્ટેશન જેવા વિવિધ કાર્યક્રમો કર્યા તેનો અતિ આનંદ છે.

આગામી સપ્ટેમ્બર માસ સફળ થાય તે માટે મંથ લીડર રો. વીણા પટેલ અને આપ સૌ રોટેરીયન મિત્રોને શુભકામના પાઠવુ છુ. અને આપણો નેકસ્ટ મેગા પ્રોજેકટ નારી ઉત્સવ મેલા ૩.૦ થવા જઈ રહ્યો છે તેમાં સ્ટોલ બુક કરાવવાથી લઈને શરૂઆતથી લઈને અંત સુધી તમામ જગ્યા પર સૌ રોટેરીયન મિત્રો સમય, તન, મન અને ધન સહિત યોગદાન આપે એવી હું સૌને નમ્ર વિનંતી કરુ છુ.

ભવિષ્યમાં સૌ રોટેરીયન મિત્રોના આવાને આવા સાથ અને સહકારથી રોટરીના ઉમદા અને સેવાકીય કાર્યોની સુવાસ ઘર ઘર સુધી ફેલાવીએ એવી અપેક્ષા સહ.

આપનો સાથી... આપનો સાથી...


**રો. કિરીટ વાંકડી**

કલબ પ્રેસીડેન્ટ રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ

RI District 3060
Rotary
Club Of Surat East

# 02 શિક્ષક દેવો ભવઃ

RI District 3060 Rotary Club Of Surat East




"જો શિક્ષકને આપણે માન આપીશું તો શિક્ષક વર્ગખંડમાં મન આપશે ના વિચાર સાથે માનનીય શ્રી કાનજીભાઈ ભાલાળાની પ્રેરણાથી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત અને રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટના સંયુક્ત ઉપક્રમે દર અઠવાડિયે કોઈ એક શાળામાં જઈને તે શાળાના રાષ્ટ્ર ઘડતરનુ કાર્યકર્તા કોઈ એક શિક્ષકને તેમના વિદ્યાર્થીઓની હાજરીમાં એવોર્ડ આપી સન્માનિત કરવાનુ ખૂબ જ ઉમદા કાર્ય આપણી રોટરી કલબ તથા શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરત દ્વારા કરવામાં આવી રહ્યુ છે, જે અંતર્ગત આપણે...

૧) તા. ૦૨ ઓગષ્ટ ૨૦૨૫ ને શનિવાર ના રોજ પ્રેરણા વિદ્યાલય, પુણાગામ ના સારસ્વત શિક્ષકશ્રી પ્રકાશભાઈ એમ. કાતરીયા ને સન્માનતી કરવામાં આવ્યા હતા.

૨) તા. ૦૮ ઓગષ્ટ ૨૦૨૫ ને શુક્રવાર ના રોજ શ્રી ર.વ. દેસાઈ પરવત પ્રા. શાળા – ૩૦૪ ના સારસ્વત શિક્ષિકા શ્રી જયશ્રીબેન ટી. પાવાગઢી ને સન્માનતી કરવામાં આવ્યા હતા.

૩) તા. ૨૫ ઓગષ્ટ ૨૦૨૫ ને સોમવાર ના રોજ નવનિર્માણ (ઉ.બુ.) વિદ્યાલય, ભરથાણા, ના સારસ્વત શિક્ષિક શ્રી વિમલકુમાર જે. ચુડાસમા ને સન્માનતી કરવામાં આવ્યા હતા.

૩) તા. ૩૦ ઓગષ્ટ ૨૦૨૫ ને શનિવાર ના રોજ શ્રી નાથુભાઈ પહાડે પ્રા. શાળા – ૧૬૫, ના સારસ્વત શિક્ષિકા શ્રી નિલાબેન એન. ભટ્ટ ને સન્માનતી કરવામાં આવ્યા હતા.

**કાર્યક્રમના ચેરમેન**

રો. ભાર્ગવ કથીરીયા । રો. મુકેશ કાનાણી
રો. ચિરાગ રૂપારેલિયા । રો. પંકજ રામોલીયા









# 03 વૃક્ષારોપણ

RI District 3060
Rotary
Club Of Surat East




આપણી ક્લબના જુલાઈ મહિનાના મંથ લિડર રો. નિતીન ધામેલિયાના પુત્રી જીશા અને પુત્ર જિશાનના જન્મદિવસ નિમિતે ખાસ હેતુથી વૃક્ષારોપણનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં રોટેરીયન મિત્રો તથા રોટરેક્ટર મિત્રોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને વિવિધ જાતના વૃક્ષો રોપીને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ સાથે ભવિષ્યની પેઢીને ખોટા ખર્ચાઓ કરવાને બદલે સમાજઉપયોગી કાર્ય કરીને પણ જન્મદિવસ ઉજવી શકાય છે એવો મહત્વનો મેસેજ આપી આવનારી પેઢીને હરીયાળી ભેટ આપવાનો સંકલ્પ સૌ રોટેરીયન મિત્રોએ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે સૌ મિત્રોને સ્વાદિષ્ટ અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો. કાર્યક્રમનુ સંપુર્ણ સૌજન્ય નિતીન ધામેલીયા તરફથી આપવામાં આવ્યુ હતુ.

| તારીખ | સમય | સ્થળ |
| --- | --- | --- |
| ૦૩/૦૮/૨૦૨૫, રવિવાર | સવારે ૮ કલાકે | શિવાય ક્રિકેટ ગ્રાઉન્ડ, કોસમાડા |

**કાર્યક્રમના ચેરમેન**

રો. મનહર વોરા








# 04 ઓરીએન્ટેશન

Rotary Club Of Surat East
RI District 3060




નવા જોડાયેલા ક્લબ મેમ્બર્સને રોટરી ક્લબનુ માળખુ અને વૈશ્વિક સ્તરની કાર્ય પધ્ધતિ વગેરે બાબતો જાણવા અને સમજવા માટે ઓરીએન્ટેશન પ્રોગામનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં DLF ટીમ કો-ઓર્ડિનેટર સાઉથ ઝોન શ્રી રો. ગૌરાંગ દેસાઈ દ્વારા રોટરી એટલે શું? રોટરીની સ્થાપનાથી લઈને, ક્લબની સ્થાપના તથા રોટરીની કાર્યપધ્ધતિ તથા રોટરીની પાયાની વિસ્તૃત માહિતી PPT સાથે આપી હતી. ત્યારબાદ રો. રીનેશ ભીમાણી દ્વારા તેઓએ RYE અંતર્ગત હોસ્ટ કરેલ એલેક્ષ વિશે પોતાનો અનુભવ તથા માહિતી શેર કરી હતી. તેમજ રોટરી ઈન્ટરનેશનલ રોટરી યૂથ એક્સચેન્જ (લોંગ ટર્મ) અંતગર્ત ગયેલ સ્વરા ભીમાણીએ તેના અનુભવ તથા માહિતી શેર કરી હતી.

| તારીખ | સમય | સ્થળ |
|---|---|---|
| ૦૫/૦૮/૨૦૨૫, મંગળવાર | સાંજે ૭:૩૦ કલાકે | નવજીવન રેસ્ટોરન્ટ |









## કાર્યક્રમના ચેરમેન

પ્રો. ચેરમેન : રો. આશિષ પાંચાણી
પ્રો. ચેરમેન : રો. પરેશ માતરીયા

# 05 મુવી ડે

Rotary
RI District 3060
Club Of Surat East




જી હાં દોસ્તો આપણા દેશના ચાર આધાર સ્તંભ યુવા, એજયુકેશન, પરિવાર અને ધર્મ ઉપર વિદેશી તાકતો દ્વારા થઈ રહેલ પ્રહારો પ્રત્યે જાણકારી આપતી અને લોક જાગૃતિ કરતી હાલમાં જ રિલીઝ થયેલી હિટ અને પ્રખ્યાત ગુજરાતી મૂવી વિશ્વગુરુ જોવા માટે ખાસ મૂવી ડે નુ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં સૌ રોટેરીયન મિત્રોએ મુવી જોવાની તથા સ્વાદિષ્ટ પોપકોર્ન ખાવાની યાદગાર પળો માણી હતી. મુવી નુ સંપુર્ણ સૌજન્ય રો. ચિરાગ ત્રાપસીયા ડી. ફોટો તરફથી આપવામા આવ્યુ હતુ.

| તારીખ | સમય | સ્થળ |
| --- | --- | --- |
| ૦૬/૦૮/૨૦૨૫, બુધવાર | સાંજે ૮:૪૫ કલાકે | INOX RAJ IMPERIAL |







## કાર્યક્રમના ચેરમેન

પ્રોજેક્ટ ચેરમેન – રો. મુકેશ કાનાણી

# 06 રક્ષાસુત્ર

RI District 3060
Rotary
Club Of Surat East




બહેન દ્વારા ભાઈને રાખડી બાંધી ભાઈની રક્ષા માટે પ્રાર્થના કરવાનુ પર્વ એટલે રક્ષાબંધન, આપણી ક્લબના રોટેરીયન મિત્રોના ધર્મપત્નિઓ દ્વારા સંકટ સમયે આપણી તથા આપણા દેશની સુરક્ષાની જવાબદારી જેમના હાથમાં છે અને જેઓ તડકો, છાંયો, ઠંડી, વરસાદની પરવાહ કર્યા વગર પરિવાર, તહેવાર અને વ્યકિતગત ઈચ્છાઓનો ભોગ આપીને સતત દેશ અને સમાજની સુરક્ષા કરી રહ્યા છે એવા S.R.P.F. જવાનોને કામરેજ તાલુકાના વાવ ગામમાં આવેલ S.R.P.F. પરેડ ગ્રાઉન્ડ અને હેડ કવાર્ટર્સ ખાતે જઈને આર્મી જવાનોના હાથમાં રાખડીરૂપે રક્ષા બાંધી અને મીઠાઈના બોક્ષ ભેટ આપી રક્ષાબંધન પર્વની ઉજવણી ખુબજ ઉત્સાહપૂર્વક કરવામા આવી હતી. આ પ્રસંગે ડી.વાય.એસ.પી. પારીખ સાહેબ, ડી.વાય.એસ.પી. આચાર્ય સાહેબ, ડી.વાય.એસ.પી. અનિલ પટેલ સાહેબ તથા સમાજ અગ્રણી શ્રી દેવશી ભગત તથા ઈનરવ્હીલ ક્લબના બહેનો સહિત મોટી સંખ્યામાં આર્મી જવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

**તારીખ**

૦૮/૦૮/૨૦૨૫, શુક્રવાર

**સમય**

સવારે ૯:૧૫ કલાકે

**સ્થળ**

S.R.P.F. પરેડ ગ્રાઉન્ડ,
વાવ ગામ, કામરેજ.

**કાર્યક્રમના ચેરમેન**

રો. કીર્તિ સાવલિયા
રો. હેપ્પી વાસાણી













# 07 સ્વાતંત્ર્ય દિન

RI District 3060
Rotary
Club Of Surat East




આપણી ક્લબ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ૧૫મી ઓગષ્ટના દિવસે આપણા ભારત દેશના સ્વાતંત્ર્ય દિનની ઉજવણીના ભાગરૂપે ધ્વજવંદનનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમ આશાદીપ આઈઆઈટી સ્કુલમાં રાખવામાં આવ્યો હતો. જેમાં સ્કુલનો સ્ટાફ તથા વિદ્યાર્થીઓ તથા રોટેરીયન મિત્રોએ સાથે મળીને ધ્વજવંદન કર્યુ હતુ અને રાષ્ટ્રગીત ગાઈને રાષ્ટ્ર ધ્વજને સલામી આપી હતી. આપણી કલબના પ્રેસીડેન્ટશ્રી રો. કિરીટ વાંકડીના વરદ હસ્તે રાષ્ટ્ર ધ્વજ ફરકાવીને તેમજ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સ્વતંત્ર સેનાનીઓની વેશ ભુષા કરીને દેશભક્તિની વાતો અને દેશભકિતના ગીતો પર લાઈવ પરફોર્મન્સ આપીને સ્વતંત્રતા દિવસની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી અને કાર્યક્રમના અંતે હાજર રહેલ સૌને સ્વાદિષ્ટ અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનુ સંપુર્ણ સૌજન્ય આશાદીપ ગૃપ ઓફ સ્કુલ તરફથી આપવામાં આવ્યુ હતુ.









**તારીખ**

૧૫/૦૮/૨૦૨૫, શુક્રવાર

**સ્થળ**

આશાદીપ આઈઆઈટી સ્કુલ,
સીમાડા નાકા

**કો-ઓર્ડિનેટર**

રો. મહેશ રામાણી

**કાર્યક્રમના ચેરમેન**

રો. વિશાલ સોજીત્રા

# 08 સંગીત સંધ્યા જન્માષ્ટમી

RI District 3060
Rotary
Club Of Surat East




આપણા સૌના આરાધ્ય એવા જગદગુરૂ ભગવાન શ્રીકૃષ્ણ નો જન્મદીવસ અનોખા અંદાજમાં ઉજવવા માટે આપણી રોટરી ક્લબ તથા રોટરેક્ટ ક્લબ દ્વારા ભોજન પ્રસાદ, સંગીત સંધ્યા, નંદ ઉત્સવ, મટકીફોડ વિગેરે સરસ મજાની થીમ સાથે જન્માષ્ટમી ઉજવણીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં કલબ મેમ્બર ટ્રેડિશનલ પોશાક પહેરીને પધાર્યા હતા, ત્યારબાદ સ્વાદિષ્ટ ભોજન અને ત્યારબાદ સંગીત સંધ્યામાં ગાયક કલાકાર જીતુભાઈ ધાનાણી, આશાબેન લાઠીયા, જયંતિભાઈ નાવડીયા, હરેશભાઈ ખુટ, શાંતિભાઈ પાનસુરીયા, પિયુષભાઈ ભરોલીયા, હિરેનભાઈ જાસોલીયા, તેજસભાઈ જાસોલીયા, અંશભાઈ પાનસુરીયા દ્વારા કૃષ્ણ ભજનો અને રાસ ગરબાના તાલે તમામ રોટેરીયન મિત્રો અને રોટરેક્ટર મિત્રો ખુબ જુમ્યા નાચ્યા હતા. સંગીત સંધ્યાના અંતે શ્રીકૃષ્ણ જન્મોત્સવ તથા મટકી ફોડ દ્વારા આપણા સાંસ્કૃતિક અને ભાતિગળ વારસાને માનસપટ્ટ પર અંકિત કર્યો હતો.

**તારીખ**

૧૬/૦૮/૨૦૨૫, શનિવાર

**સમય**

સાંજે ૭:૦૦ થી ૧૨:૦૦

**સ્થળ**

રામ વાડી, ગઢપુર ટાઉનશિપ રોડ,
રિંગ રોડ પાસે, સુરત.

**કાર્યક્રમના ચેરમેન**

પ્રોજેક્ટ ચેરમેન : રો. ચિરાગ ત્રાપસિયા
પ્રોજેક્ટ ચેરમેન : રો. વિપુલ પાનસુરીયા


















UNITE FOR GOOD
Rotaract
Surat East
Rotary
Surat East






# 09 એક્સ્પો ટ્રેનિંગ

RI District 3060
Rotary
Club Of Surat East




આપણી રોટરી ક્લબમાં નારી ઉત્સવ મેલા ૩.૦ ના ભવ્ય આયોજનનુ કામ ખુબજ જોર શોર માં ચાલી રહ્યુ છે ત્યારે તેમા સ્ટોલ બુકિંગ, એડવર્ટાઈઝમેન્ટ, કસ્ટમર, વેપારી સાથે અનેક નાની મોટી મીટીગો વિગેરે કામ ચાલતુ હોય છે. જે અંતર્ગત સ્ટોલ બુકિંગ કરાવનારને સ્ટોલમાં પડતી સંભવિત મુશ્કેલીઓ માટે પહલેથી જ કેવુ આયોજન કરવુ, ઈમરજન્સીમાં શુ પગલા લેવા, નાના મોટા પ્રોમ્લેમ આવે તો કઈ રીતે તે સોલ્વ કરવા, એડવર્ટાઈઝમેન્ટ, વોટસએપ માર્કેટિંગ, સ્ટોલમાં આપવામાં આવતી સુવિધાઓ વિગેરે તમામ પ્રકારની માહિતી સાથેની ટ્રેઈનીંગ આપવા માટે એકસપો ટ્રેઈનીંગનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં એકસપો ટ્રેઈનર ડો. નિમેશ રામોલિયા દ્રારા સ્ટોલ ધારકોને અને આયોજનમાં જવાબદાર વ્યકિતઓને ખુબજ જીણવટભરી માહિતી અને સવાલોના જવાબ આપવામાં આવ્યા હતા.

| તારીખ | સમય | સ્થળ |
|---|---|---|
| ૨૨/૦૮/૨૦૨૫, શુક્રવાર | સાંજે ૯:૦૦ | આશાદીપ આઈઆઈટી સ્કુલ, સીમાડા નાકા |

## કાર્યક્રમના ચેરમેન

પ્રોજેક્ટ ચેરમેન : રો.જતીન કથીરીયા
પ્રોજેક્ટ ચેરમેન : રો.રાહુલ સોરઠીયા







# 10 સ્ટેસ્યુ ઓફ યુનિટી

RI District 3060
Rotary
Club Of Surat East

ચોમાસાની સિઝન બરાબર જામી છે ત્યારે આપણાં સૌના અંતરમનની ઈચ્છા ને પૂર્તિ કરવા આપણી રોટરી ક્લબ સુરત ઈસ્ટ દ્વારા બે દિવસનુ પિકનિકનુ આયોજન તા. ૨૩ અને ૨૪ ઓગષ્ટના રોજ સ્ટેસ્યુ ઓફ યુનિટી ખાતે કરવામા આવ્યુ હતુ. જેમા આપણે સરદાર સરોવર ડેમ, સ્ટેસ્યુ ઓફ યુનિટી વ્યુઇંગ ગેલેરી, પ્રોજેકશન મેપીંગ શો, જંગલ સફારી, એકતા નર્સરી, મીયાવાંકી ફોરેસ્ટ, કેકટસ્ એન્ડ બટરફલાય ગાર્ડન, એકતા મોલ વિગેરેની વિઝીટ કરવામાં આવી હતી. આમ, વરસાદી વાતાવરણમાં રોટેરીયન મિત્રોએ તથા રોટરેકટર મિત્રોએ પરીવાર તથા મિત્ર વર્તુળ સાથે પ્રકૃતિના ખોળે જઈને અનેરો આનંદ માણ્યો હતો.














**તારીખ**

૨૩, ૨૪/૦૮/૨૦૨૫,
શનિવાર, રવિવાર

**સ્થળ**


મહારાજા ટેન્ટ રિસોર્ટ,
સ્ટેચ્યું ઓફ યુનિટી.

**કાર્યક્રમના ચેરમેન**

પ્રોજેક્ટ ચેરમેન : રો. વૈજુલ વિરાણી
પ્રોજેક્ટ ચેરમેન : રો. ભાવિક માલવિયા

# 11 શ્રી ગણેશજીની આરતી

RI District 3060
Rotary
Club Of Surat East




वक्रतुण्ड महाकाय सूर्यकोटि समप्रभ ।
निर्विघ्नं कुरु मे देव सर्वकार्येषु सर्वदा ॥

આપણી ક્લબના પ્રેસિડેન્ટ ઈલેક્ટ રો. પિયુષભાઈ ગોંડલીયાની યુનિટી હોસ્પિટલ, પર્વત પાટીયા, આઈ માતા રોડ ખાતે આપણો મુલાધાર અને દેવોમાં સૌથી પહેલા પૂજાતા એવા ગજાનન ગણપતિ બાપાના તહેવાર નિમિત્તે સ્થાપના કરવામાં આવેલ શ્રી ગણેશજીની આરતી કરવા માટે આપણી રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટને ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યુ હતુ. જેમાં સૌ રોટેરીયન મિત્રો એ પુરા શ્રધ્ધાભાવથી ગણેશજીની આરતી કરીને થાળ અર્પણ કર્યો હતો અને અંતે પ્રસાદ આરોગી ગણપતિ બપ્પાને પુરા વિશ્વના સુખ, શાંતિ, સમૃધ્ધિ અને સારા સ્વાસ્થ્ય માટે મંગળ કામના કરી હતી.

| તારીખ | સમય | સ્થળ |
| --- | --- | --- |
| ૩૧/૦૮/૨૦૨૫, રવિવાર | સાંજે ૬:૦૦ કલાકે | યુનિટી હોસ્પિટલ<br>પર્વત પાટીયા, આઈ માતા રોડ |









# 12 ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સ

RI District 3060
Rotary
Club Of Surat East







રોટરી ડિસ્ટ્રીક્ટ ૩૦૬૦ ની ૫૬ મી કોન્ફરન્સ  સંગ–એ–મરમર  ઉત્તર પ્રદેશના આગ્રા શહેરમાં આયોજિત થવા જઈ રહી છે. મિત્રો ડિસ્ટ્રીક્ટની સૌથી મોટી ઈવેન્ટ એટલે ડિસ્ટ્રીક્ટ કોન્ફરન્સ જેમાં દર વર્ષે ડિસ્ટ્રીક્ટની તમામ ક્લબોમાંથી વિવિધ શહેરોમાંથી રોટેરીયન મિત્રો બે–ત્રણ દિવસ સાથે રહી નોલજ, ફેલોશીપ, મ્યુઝીક, મસ્તી તથા રોટરીની મજા માણતા હોય છે. આ વર્ષે દુનિયાની અજાયબી તાજ મહેલ જ્યાં આવેલ છે એવા પ્રસિદ્ધ શહેર આગ્રા, ઉત્તર પ્રદેશ ખાતે તારીખ : 30-31 Jan & 01 Feb. 2026 ના રોજ કોન્ફરન્સ થવા જઈ રહી છે. અને આપણી ક્લબમાંથી મોટી સંખ્યામાં મેમ્બર્સનુ રજીસ્ટ્રેશન કરવામાં આવી રહ્યુ છે ત્યારે જે રોટેરીયન મિત્રોનુ રજીસ્ટ્રેશન બાકી છે તેમણે કોન્ફરન્સ કો–ઓર્ડિનેટર રો.ચિંતન પટેલ ૯૫૧૦૩૨૮૬૨૬ નો સંપર્ક કરશો. આ એક સુનેહરો અવસર છે. તો મહત્તમ લોકો કોન્ફરન્સમાં રજીસ્ટ્રેશન કરાવે એવી અપેક્ષા છે.

| સ્થળ | તારીખ | હોસ્ટ ક્લબ | કો–હોસ્ટ ક્લબ |
|---|---|---|---|
| *Jaypee Palace Hotel and Convention Centre, Agra, | 30/01/2026, 31/01/2026, 01/02/2026 | Rotary Club of Bharuch | RC Ankleshwar<br>RC Bharuch Femina<br>RC Dahej<br>RC Bharuch Narmada Nagari |

# 13 IYE (International Youth Exchange)

RI District 3060 Rotary Club Of Surat East

રોટરીનો સૌથી વધારે આનંદ આવે તથા ઘણુ જોવા-જાણવા અને શીખવા મળે તેવો પ્રોગ્રામ એટલે IYE (International Youth Exchange)જે રોટેરિયન મિત્રોના બાળકો વિશ્વના કોઈપણ દેશમાં જઈ આવ્યા હોય તેમને મળો અને તેમના અનુભવો વિશે પુછો તો ખરેખર તમને પણ તમારા બાળકો ને મોકલવાનુ મન થાય. આપણા બાળકો જે દેશમાં જાય છે ત્યાંના રોટેરીયન સગા-વ્હાલા કરતા પણ વિશેષ સાચવે છે અને તેમની જોડે આજીવન ફેલીમી જેવા સબંધો બંધાઈ જાય છે.

આ વર્ષે IYE અંતર્ગત જે સંભવિત દેશો સાથે આપણે સામાન્ય રીતે લાંબા ગાળાના કાર્યક્રમનું આદાન-પ્રદાન કરીએ છીએ તેમાં જર્મની, ફ્રાન્સ, યુએસએ, બ્રાઝિલ, મેક્સિકો, કોલંબિયા, ઈટાલી, નેધરલેન્ડ, જાપાન વગેરેનો સમાવેશ થાય છે. અને ટૂંકા ગાળાના કાર્યક્રમ માટે સામાન્ય રીતે ફ્રાન્સ, જર્મની, ઈટાલી, જાપાન, બ્રાઝિલ, આર્જેન્ટિના, સ્પેન, દક્ષિણ આફ્રિકા અને ચેક રિપબ્લિક વગેરે સાથે વિનિમય કરીએ છીએ. NGSE કાર્યક્રમ માટે અમે સામાન્ય રીતે જર્મની, સ્પેન, ઈટાલી, ફ્રાન્સ, આફ્રિકા, આર્જેન્ટિના, બ્રાઝિલ અને યુ.એસ.એ વગેરે સાથે આદાન-પ્રદાન કરીએ છીએ. તો જેમના બાળકોને IYE માં પોતાના બાળકોને મોકલવા હોય તેમણે તેનુ ફોર્મ ૫ મી સપ્ટેમ્બર ૨૦૨૫ પહેલા તમામ વિગત સાથે રો. કીર્તિ ખેનીને મોકલી આપવાનુ છે. આ બાબતે કોઈપણ પ્રશ્ન હોય તો રો. કીર્તિ ખેની અથવા રો. રાજેશ વઘાસીયા તથા રો. કેતન પટેલનો સંપર્ક કરશો.








# 14 બર્થ ડે સેલીબ્રેશન

RI District 3060
Rotary
Club Of Surat East

| DATE | NAME |
|---|---|
| 06-08-2025 | Rtn. Abhishek Vaghasiya |
| 06-08-2025 | Rtn. Jitendra Anghan |
| 08-08-2025 | Rtn. Kalpesh Balar |
| 09-08-2025 | Rtn. DharmeshKumar Gajera |
| 09-08-2025 | Rtn. Jitendra Radadiya |
| 13-08-2025 | Rtn. Manish Beladiya |
| 14-08-2025 | Rtn. Bharatbhai Kyada |
| 14-08-2025 | Rtn. Rakesh Suhagiya |
| 17-08-2025 | Rtn. Amarishbhai Ramani |
| 17-08-2025 | Rtn. Manaharbhai Vora |
| 21-08-2025 | Rtn. Kirit Vankadi |
| 21-08-2025 | Rtn. Ronak Javiya |
| 22-08-2025 | Rtn. Nilesh Godhani |
| 25-08-2025 | Rtn. Nikhil Vaghasiya |
| 25-08-2025 | Rtn. Pradip Asodariya |
| 27-08-2025 | Rtn. Vaijul virani |
| 28-08-2025 | Rtn. Hitesh Golakiya |
| 31-08-2025 | Rtn. Mayur Dholiya |















RI District 3060
Rotary
Club Of Surat East

# 15 મીડિયા નોટ


ક્રિષ્ના ન્યુઝ નેટવર્કનું
Since 2002
# ઈન્ડિયા હાઈલાઈટ
INDIA HIGHLIGHT NEWSPAPER
પીનલકુમાર પટેલ-તંત્રી મો.9228407101

## શિક્ષણ ક્ષેત્રે ઉલ્લેખનીય પ્રેરણા વિદ્યાલયના શિક્ષક શ્રી પ્રકાશભાઈ કાતરીયાને પરમા "શિક્ષક દેવો ભવ:"થી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા...


ક્રિષ્ના ન્યુઝ નેટવર્કનું
Since 2002
# ઈન્ડિયા હાઈલાઈટ
INDIA HIGHLIGHT NEWSPAPER
પીનલકુમાર પટેલ-તંત્રી મો.9228407101

## લિંબાયત વિસ્તારની નંબર વન ગણાતી પ્રાથમિક સરકારી શાળા શ્રી. ર. વ. દેસાઈ પરવત પ્રા. શાળા - ૩૦૪ ના સારસ્વત શિક્ષિકા શ્રી જયશ્રીબેન ટી. પાવાગઢી 54મો શિક્ષક દેવો ભવ: એવોર્ડ અર્પણ કરાયો


ક્રિષ્ના ન્યુઝ નેટવર્કનું
Since 2002
# ઈન્ડિયા હાઈલાઈટ
INDIA HIGHLIGHT NEWSPAPER
પીનલકુમાર પટેલ-તંત્રી મો.9228407101
Saturday 9th August 2025 social media | indiahighlight@gmail.com | website: www.krishnanewsnetwork.com

## રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ દ્વારા S.R.P.F વાવ ખાતેના જવાનોને રાખડી બાંધીને રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી

**ઈન્ડિયા હાઈલાઈટ :** રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટના મંથ લીડર રો.ભાર્ગવભાઈ કથીરીયા અને પ્રોજેક્ટ ચેરમેન રો. કીર્તિબેન સાવલિયા તથા રો. હેપ્પી વસાણી કાર્યક્રમની રૂપરેખા નક્કી કરવામાં આવી.

ડી.વાય.એસ.પી. પારીખ સાહેબ, ડી.વાય.એસ.પી. આચાર્ય સાહેબ, ડી.વાય.એસ.પી. અનિલ પટેલ સાહેબ , સમાજ અગ્રણી શ્રી દેવશી ભગત, રોટરી ક્લબ ના પ્રેસિડેન્ટ કિરીટભાઈ વાંકડી, સેક્રેટરી હિતેશભાઈ વેકરીયા, રોટરેક્ટ પ્રેસિડેન્ટ ભૈતિક બોરડ અને સેક્રેટરી ભૈતિક માલવિયા, ઈનરવ્હીલ ક્લબ માંથી પધારેલ સેક્રેટરી ઉષાબેન લૂખી, તથા રોટેરિયન બહેનો (નારી શક્તિ), જવાનોની ઉપસ્થિતમાં કાર્યક્રમ યોજવામાં આવ્યો.

આ રક્ષાબંધનમાં દેશના રક્ષણ કરનારા જવાનો ને રક્ષાસુત રૂપી રાખડી બાંધવામાં આવી. 200 થી વધારે જવાનો ને રાખડી બાંધવાનું કામ રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ ની બહેનો દ્વારા કરવામાં આવ્યું. તેમના સપોર્ટ માટે રો.રાહુલ સોરઠીયા, રો. ભરત કળથીયા તથા અન્ય રોટરિયન મિત્રોએ કરવામાં આવી. આ સંપૂર્ણ કાર્યક્રમને કેમેરામાં કેદ કરીને સુંદર એવી ફોટોગ્રાફી ના સ્પોન્સર એવા ડી ફોટોમાંથી ચિરાગભાઈ ત્રાપસીયા હાજર રહ્યા હતા. કાર્યક્રમના અંતે આભારવિધિ સાથે કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી.

ત્યારબાદ અમારી ક્લબ ના વાઈસ પ્રેસિડેન્ટ કલ્પેશભાઈ બલર ના જન્મદિવસ નિમિત્તે સેલિબ્રેશન કરવામાં આવ્યું.

આજ રક્ષાબંધન નિર્મળ સંબંધ લાવી, ભીતરની દિવ્યતાથી હ્રદયમાં આવી.
ભાઈની સુરક્ષાની પ્રાર્થના કરે બહેન, દલડે જેણે કરુણાના, બીજ રૂપે વાવી.
નિ:સ્વાર્થ પ્રેમનું પ્રતિક છે રાખડી, જગતમાં ગાથા ભાઇ બહેનની ગાવી.
રાખડી સાથે બહેન મીઠાઈ ખવડાવે, નિર્મળ નેહની વાદલડી એણે વરસાવી.
ભાઇ બહેનનો સંબંધ, સ્વાર્થ વિહોણો, બેનના દિવ્ય ભાવમાં, રક્ષણની ચાવી.
રાખડીની જળહળે 'અમુલખ' જ્યોત, બહેને ખુશીના આંસુની ગંગા વહાવી.
(ડૉ. અમુલખ સવાણી)


Thursday
28.08.2025
# કમલમ્
KAMALAM

## નવનિર્માણ શાળાના આચાર્યશ્રી વિમલકુમાર ચુડાસમા ને "શિક્ષક દેવો ભવ:" એવોર્ડ થી સન્માન

કમલમ્,
રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટ તથા સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે નવનિર્માણ શાળામાં તારીખ ૨૫ ઓગષ્ટના રોજ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના આચાર્યશ્રી વિમલકુમાર ચુડાસમાને "શિક્ષક દેવો ભવ:" એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં રોટરી ક્લબ ઈન્ટરનેશનલ ડિસ્ટ્રિક્ટ એજ્યુકેશનના ચેરમેન સોનલબેન શાહે રોટરી ક્લબની કામગીરી વિશેની માહિતી પૂરી પાડી હતી. શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રતિનિધિ મનુભાઈ ગોંડલીયા સાહેબે "શિક્ષક દેવો ભવ:"એવોર્ડ વિશે માહિતી આપી હતી. હરેકૃષ્ણ ડાયમંડ ના માલિક નિમિતભાઈ ધોળકિયાએ વિદ્યાર્થીઓને પ્રેરક પ્રસંગો રજૂ કરી પ્રેરિત કર્યા હતા. માલાબેન માતાવાલા એ આચાર્યશ્રીના સેવાકાર્યો અંગે રજૂઆત કરી હતી. આ સિવાય ઉપસ્થિત મહાનુભવોમાં રોટરી ક્લબ ઓફ સુરત ઈસ્ટના પ્રોજેક્ટ ચેરમેન ભાર્ગવભાઈ કથીરિયા, પંકજભાઈ રામોલિયા, રસિકભાઈ સાવલિયા સાહેબ તેમજ ચિરાગ તાપસીયા ઉપસ્થિત રહ્યા હતા. અંતે આચાર્યશ્રી વિમલચુડાસમાએ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મુકેશભાઈ કાનાણીએ કર્યું હતું. તેમજ કાર્યક્રમની આભારવિધિ હિતેશ વેકરીયા એ કરી હતી.

# 16 વેલ્યુએબલ સ્પોન્સર



# 17 ગેલેક્સી ઓફ પાસ્ટ પ્રેસિડેન્ટ

RI District 3060
Rotary
Club Of Surat East








**AUGUST 2025 MONTH**
**SUPPORTIVE BOD**



# 18 સેક્રેટરી એનાઉન્સમેન્ટ

RI District 3060
Rotary
Club Of Surat East

નમસ્કાર રોટેરીયન મિત્રો,
આપ સૌ મિત્રોના સાથ અને સહકારથી ઓગષ્ટ મહિનામાં આપણે ખુબ મહત્વના અને સફળ એવા પ્રોજેક્ટ કરી શક્યા છીએ તે માટે આપ સૌ રોટેરીયન મિત્રો, તમામ પ્રોજેક્ટ ચેરમેનશ્રીઓ અને મંથ લીડર રો.ભાર્ગવ કથિરીયા નો હદયના ઉમળકા થી આભાર વ્યક્ત કરું છું.
મિત્રો સપ્ટેમ્બર માસમાં મંથ લીડર રો.વીણાબેન પટેલની આગેવાનીમાં જે પ્રોજેક્ટ થવાના છે તેની અંદાજીત તારીખ પ્રોજેક્ટ હેતુ આપ સૌની જાણ માટે નીચે આપેલ છે જે તમામ પ્રોજેક્ટમાં આપ સૌ આપને અનુકુળતા મુજબ સાથ સહકાર અને અચુક હાજરી આપીને સંપુર્ણ સપ્ટેમ્બર માસને સફળ બનાવીએ.

### ૦૧. ગુરુ વંદના કાર્યક્રમ

તા.૦૫/૦૯/૨૦૨૫ ના રોજ શિક્ષક દિન નીમીતે ગુરુ વંદના કાર્યક્રમ મૌની ઈન્ટરનેશનલ સ્કુલમાં રાખેલ છે જેમા ૧૧ શિક્ષકોને સન્માન કરવાના છે.

### ૦૨. નારી ઉત્સવ મેલા

આપણી ક્લબનો સીગ્નેચર ગણતો એવા મેગા પ્રોજેક્ટ એટલે નારી ઉત્સવ મેલા ૩.૦ જે સરથાણા કોમ્યુનીટી હોલ, સરથાણા મુકામે તા.૧૨/૦૯/૨૦૨૫, તા.૧૩/૦૯/૨૦૨૫, તા.૧૪/૦૯/૨૦૨૫ ના રોજ આયોજન થયેલ છે આ પ્રોજેક્ટમાં વધુ મા વધુ રોટેરીયન મિત્રો તથા સંગા–સબંધીઓ મુલાકાત લેય તેવી રોટરી પરીવારજનોની વિનંતી છે

### ૦૩. નવરાત્રી સેલીબ્રેશન

દર વર્ષની જેમ આ વર્ષ પણ આપણી ક્લબ નવરાત્રીનુ આયોજન કરી રહેલ છે જે નવરાત્રીની ઉજવણી તા.૨૧/૦૯/૨૦૨૫ આયોજન થવાની છે વધુ માં વધુ લોકો લાભ લેવા ભાવભર્યુ આંમત્રણ છે

### ૦૪. શિક્ષક દેવો ભવ:

આપણી ક્લબનો પરમીનેન્ટ પ્રોજેક્ટ એટલે શીક્ષક દેવો ભવ:
જે પ્રોગામમાં એક શિક્ષકનુ સન્માન થાય છે જે અગામી
તા. ૦૮,૧૩,૨૦,૨૭/૦૯/૨૦૨૫ આયોજીત થવાનુ છે
જેમાં વધુ માં વધુ રોટેરીયન જોડાય તેવી અપેક્ષા



આપનો સાથી...
**રો. હિતેશ વેકરીયા**
કલબ સેક્રેટરી રોટરી કલબ ઓફ સુરત ઈસ્ટ

RTN. KIRIT VANKADI
President 2025-26

JULY
2025

# Rotary Gatha

RTN. HITESH VEKARIYA
Secretary 2025-26

## THE FOUR WAT TEST

### THE FOUR WAY TEST OF THE THINGS WE THINK, SAY OR DO

### વાણી, વિચાર અને વર્તનની ચતુર્વિધ કસોટી

1) **Is it the truth?**
   શું તે સત્ય છે?
2) **Is it fair to all concerned?**
   શું તે સંબંધ ધરાવનાર દરેકને માટે ઉચિત છે?
3) **Will it build goodwill and better friendship?**
   શું તે શુભેચ્છા અને શ્રેષ્ઠ મૈત્રી બાંધી શકશે?
4) **Will it be beneficial to all concerned?**
   શું તે સંબંધ ધરાવનાર દરેકને માટે લાભદાયી નીવડશે?

UNITE FOR GOOD

RI District 3060
Rotary
Surat East

Team Achievers


+91 97145 25888
rotarysurateast@gmail.com
Rotary Club Of Surat East
rotary_club_of_surat_east
rotarysurateast



BROCHURE DESIGN & PRINTING
8200007917 | 7567902287